અપીલ અરજી નં.૩૭ તા.૭–૫–૦૯ /૧૦

અરજદારઃ શ્રી વ્યંકટેશ સોમૈયા વેમુલા
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વ્યંકટેશ સોમૈયા વેમુલાની તા.૧૯–૩–૦૯ ની અરજીથી ડી.સુરત સબ.ડી.ચોર્યાસીના મોજે ડુંભાલના રે.સ. નં.૧૩/૧–૨ માટે તા.૧૭–૬–૧૯૮૬ ના રોજ મંજુર કરવામાં આવેલ પ્લાનની પ્રમાણિત નકલ, જેના ટી.ડી.ઓ નં.૨૮૪, તા.૧૮–૬–૮૬ નો છે. તથા તે સાથે રજુ થયેલ તમામ કાગળોની નકલ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૭–૫–'૦૯ ની અપીલ અરજી નં.૩૭/૨૦૦૯–૧૦

શ્રી વ્યંકટેશ સોમૈયા વેમુલાની તા.૧૯–૩–૦૯ ની અરજીથી ડી.સુરત સબ.ડી.ચોર્યાસીના મોજે ડુંભાલના રે.સ. નં.૧૩/૧–૨ માટે તા.૧૭–૬–૧૯૮૬ ના રોજ મંજુર કરવામાં આવેલ પ્લાનની પ્રમાણિત નકલ, જેના ટી.ડી.ઓ નં.૨૮૪, તા.૧૮–૬–૮૬ નો છે. તથા તે સાથે રજુ થયેલ તમામ કાગળોની નકલ ની માહિતી આપવા બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટીડીઓ/૧૮ તા. ૧–૪–૦૯ થી આપેલ માહિતી સત્ય હકીકતથી વિપરીત રજુઆત અને પાઠવેલ જવાબના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૫–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૧ તા.૧૪–૫–૦૯થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી કોઈ પૂરક માહિતી મોકલવામાં આવેલ હોવાનું જણાતુ નથી. પરંતુ અરજદાર તરફથી અપીલ અરજી સાથે જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ પત્ર નં.ટીડીઓ/૧૮ તા.૧–૪–૦૯ ના માહિતી પત્રની નકલ રજુ કરેલ છે. જે અનુસાર જાહેર માહિતી અધિકારી ધ્વારા માંગેલ માહિતી ની બાબત હેઠળનો રેકર્ડ ઉપલબ્ધ નથી જેથી તેની નકલો આપી શકાય તેમ નથી. એવું અરજદારને જણાવવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજી સાથે ડે.ઈજનેર શહેર વિકાસ ખાતુ સુરત મહાનગરપાલિકાના પત્ર નં.ટીડીઓ/૨૮૪ તા.૧૮–૬–૮૬ થી આપેલ રજાચીઠ્ઠીના પત્રની નકલ તથા રે.સર્વે નં.૧૩/૧–૨ ના સુચિત પ્લાનની ફોટોસ્ટેટ નકલ રજુ કર્યાનું જણાય છે.

અરજદારે અપીલ તબકકે રજુ કરેલ ઉપરોકત નકલો જોતાં સદર માહિતી અરજદાર પાસે હોવાનું ફલિત થાય છે. તેમ છતાં તેમણે કચેરી ખાતેથી મેળવવા આગ્રહ રાખેલ છે જેમાં અરજદારે આ પ્લાન સાથે રજુ થયેલ તમામ કાગળોની નકલોનો આગ્રહ રાખેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી રેકર્ડ ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે પરંતું રેકર્ડ ઉપલબ્ધ નહીં હોવાનું કોઈ કારણ, રેકર્ડ નાશ કે નિકાલ કર્યા અંગેની કોઈ કાર્ય પધ્ધતિ જે દફતર વર્ગીકરણના નિયમ હેઠળ નાશ કે નિકાલ કરેલ દફતરની યાદી કાયમી પ્રકારના દફતરમાં સમાવિષ્ટ થાય તેનો કોઈ હવાલો આપેલ નથી.

આરટીઆઈ કાયદાના આમુખથી જાહેર સત્તામંડળમાં પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવા ખાસ ભાર મુકાયેલ છે તથા લોકશાહીમાં સરકાર અને તેના સંશાધનો શાશિતને જવાબદાર રહે તે અનિવાર્ય હોવાનું પણ ઠરાવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૩–૦૯ ની મુળ અરજીથી માંગેલ માહિતી બાબતે રેકર્ડ ઉપલબ્ધ નહીં હોવા અંગે ફરિયાદની હકીકતમાં જણાવેલ વિગતે રેકર્ડ નાશ કે નિકાલ અંગેની માહિતી જરૂર જણાયે આ અંગેના દફતરી તપાસણી સહિત કાયદાની કલમ–૭(૬) હેઠળ વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ પુરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ,શહેર વિકાસને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ,શહેર વિકાસ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી વ્યંકટેશ સોમૈયા વેમુલા, પ્લોટ નં.૧ જનકલ્યાણ સોસા., જૈનનગર પાસે, ડુંભાલ પર્વત પાટીયા ,સુરત...તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂં.